અપીલ અરજી નં.૬૮ તા.૧૫–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રકુમાર એસ. સોલંકી
સામાવાળાઃ– ઝોનલચીફ જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રકુમાર એસ. સોલંકીની તા.૨૩–૩–૦૯ ની અરજીથી આઈ ડી નં.૧૫ તા.૨૩–૩–૦૯ થી રસીદ નં.૩૦૫૮૭૧ થી વરાછાઝોનની માહિતી માટે કરેલ અરજી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૫–૬–'૦૯ ની અપીલ અરજી નં.૬૮/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રકુમાર એસ. સોલંકીની તા.૨૩–૩–૦૯ ની અજીથી આઈ ડી નં.૧૫ તા.૨૩–૩–૦૯ થી રસીદ નં.૩૦૫૮૭૧ થી વરાછાઝોનની માહિતી માટે કરેલ અરજી બાબતે માહિતી નહીં મળવાના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ દિન–૨૫ ના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૧૫–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૨૮૮ તા.૧૯–૬–૦૯ થી ઝોનલચીફ જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને તથા અરજદારને મુળ અરજીની નકલ તથા અરજી ફી ભર્યાની વિગત અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૩૯ તા.૨૯–૬–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે જેમાં નોંધ વિભાગ, મુળ અરજી ,સને ૨૦૦૮–૦૯ ટેના નં.૨૨સી–૩૯–૦૬૭૧–૦–૦૦૧ નું વેરાબીલ ,વેરાબીલ ભરપાઈની તા.૧૯–૩–૦૯ ની રસીદ , તા.૧૩–૧૨–૦૭ ની દુકાન બંધની નોટીસની નકલ, તથા નં.ઈ.ઝે/અ/ારટીઆઈ/૧૧૩૯ તા.૨૩–૪–૦૯ થી આપેલ માહિતીની નકલ,સેન્ટ્રલ ઝોનનો તા.૨૫–૩–૦૯ નો તબદીલ કરેલ પત્રની નકલની વિગતો રજૂ કરેલ છે. પરંતુ અરજદાર તરફથી અપીલ તબકકે પત્ર પાઠવવામાં આવેલ તેમ છતાં કોઈ વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૩–૩–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨૧ ની માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે માહિતી નહીં મળવા બાબતે તા.૧૫–૬–૦૯ ના રોજ અપીલમાં રજૂઆત કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએ પૂરક માહિતીમાં નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૩૯ તા.૨૩–૪–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડયાની નકલ અત્રે રજૂ કરેલ છે અરજદારે માહિતી નહીં મળ્યા સિવાય અપીલ સાથે કે અપીલ તબકકે અન્ય કોઈ રજૂઆત કરેલ નથી.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પૂરી પાડેલ છે. પરંતુ અરજદારને સદરહુ માહિતી નહીં મળ્યાની રજૂઆતને ધ્યાને લઈ અત્રેની જાણ હેઠળ અરજદારને પુનઃ માહિતીની નકલ મોકલવા ઝોનલચીફ જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને જણાવવામાં આવે છે.

માહિતી મળ્યા બાદ મળેલ માહિતી અંગે નારાજગીના કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિમાં તેટલા પૂરતી અપીલ કરવા હકદાર રહેશે. જો ઠરાવેલ સમય અવધિમાં અરજદારની રજૂઆત ન મળે તો અપીલનો આખરી નિકાલ થયેલો ગણવાનો રહેશે.

નં.આરટીઆઈસેલ/
તારીખઃ –૭ –૦૯

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,(વરાછાઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રકુમાર એસ. સોલંકી,